પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કર્ફ્યુ હુકમ"

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ ૧૦ / ૨૦૨૨. તા.૨૮/૦૧/૨૦૨૨

વંચાણે લીધા:- ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૨૮/૦૧/૨૦૨૨ આધારે.

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંત્તરે જરુરી સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૭.૧૨.૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) થી તથા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧/૧૨/૨૦૨૧ ના હુકમથી કોરોનાનો વ્યાપ અટકાવવા માટે અધતન સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજયમાં COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૨૧/૦૧/૨૦૨૨ હુકમ ક્રમાંક:વિ-૧/કવ/૧૦૨૦૨૦/૪૮૨ થી અમદાવાદ શહેર સહિત રાજયના અન્ય બીજા શહેરોમાં રાત્રી કરફ્યુ તથા નિયંત્રણો મુકવામાં આવેલ, જે સંદર્ભે અત્રેના જાવક પત્ર ક્રમાંક વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ ૦૭/૨૦૨૨ તા.૨૧/૦૧/૨૦૨૨ ના હુકમથી અમદાવાદ શહેરમાં રાત્રિ કર્ફ્યુ તથા કેટલાક નિયંત્રણો અમલમાં મુકવામાં આવેલ જેની અવધિ તા.૨૯/૦૧/૨૦૨૨ ના સવાર કલાક ૦૬/૦૦ વાગે પુર્ણ થનાર છે.

૩. ત્યારબાદ રાજય સરકાર ગૃહ વિભાગના તા.૨૮.૦૧.૨૦૨૨ ના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ ના આદેશથી રાજયમાં પ્રવર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી પુખ્ત વિચારણા બાદ રાજ્ય સરકારશ્રી દ્વારા અમદાવાદ શહેર સહિત રાજયના અન્ય કેટલાક શહેરોમાં રાત્રિ કર્ફયુ ( દરરોજ રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:૦૦ કલાક સુધી ) તા.૦૪.૦૨.૨૦૨૨ સુધી લંબાવવા હુકમ કરેલ છે. જેથી ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઉકત હુકમ આધારે પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, લોકોમાં સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઈ અમદાવાદ શહેરમાં તા.૨૯.૦૧.૨૦૨૨ થી તા.૦૪.૦૨.૨૦૨૨ સુધી (દરરોજ રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી) રાત્રિ કર્ફયુ તેમજ નીચે જણાવ્યા મુજબના નિયંત્રણો અમલમાં રાખવામાં આવે છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ ફરમાવુ છું કે, અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૯.૦૧.૨૦૨૨ થી તા.૦૪.૦૨.૨૦૨૨ સુધી (દરરોજ રાત્રિના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી) રાત્રિ કર્ફયુ તથા નીચે મુજબના અન્ય નિયંત્રણો અમલમાં મુકવામાં આવે છે.જેથી અમદાવાદ શહેર વિસ્તારમાં લોકોએ રાત્રિ કર્ફયુ દરમ્યાન અંદર આવેલ જાહેર માર્ગ પર નીકળવું નહી, કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

૪. (૧) <u>નિયંત્રણો:</u>

<u>ગૃહ વિભાગના સમાન ક્રમાંકના હુકમથી અમદાવાદ શહેરમાં તા.૨૯.૦૧.૨૦૨૨ ના સવારના ૦૬.૦૦ કલાક થી તા.૦૪.૦૨.૨૦૨૨ના રોજ સવારના ૦૬.૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા સુધી નીચે મુજબના નિયંત્રણો અમલમાં મૂકવામાં આવે છે.</u>

| અનુ. | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧. | રાત્રિ કરફ્યુ | દરરોજ રાત્રિના ૧૦.૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં રહેશે |
| ૨. | દુકાનો વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/ બજાર હાટ, હેર કટીંગ સલૂન, સ્પા અને બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ | ઉપરોકત મહાનગરો/શહેરોમાં સામે દર્શાવેલ વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. |
| 3. | હોટેલ/રેસ્ટોરેન્ટસ | બેઠક ક્ષમતાના ૭૫% સાથે રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. હોટેલ/રેસ્ટોરેન્ટ્સમાં Home delivery સેવાઓ 24x7 ચાલુ રાખી શકાશે. |

૪(૨) નીચે મુજબના નિયંત્રણો અમલમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૪. | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૫. | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે **DIGITAL GUJARAT PORTAL** પર નોંધણી કરાવવાની રહેશે. |
| ૬. | અંતિમક્રિયા/દફનવિધી | મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી |
| ૭. | પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન. એ.સી. બસ સેવાઓ ૭૫ % ક્ષમતા સાથે (Standing not allowed) જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. |

| | | |
|---|---|---|
| | | બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. |
| ૮. | સિનેમા હોલ | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૯. | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦. | વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. |
| ૧૧. | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૨. | ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૩. | જાહેર બાગ-બગીચાઓ | રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી |
| ૧૪. | ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધી ના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક /ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે |
| ૧૫. | શૈક્ષણિક સંસ્થાઓ | શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. |
| ૧૬. | શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક /ભરતી અંગેની પરીક્ષાઓ | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે. |
| ૧૭. | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ /સંકુલમાં રમતગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે. |

ઉપરોકત તમામ આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજિયાત રહેશે.

- <u>રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશે</u>

(૧) બીમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છૂટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે, એરપોર્ટ, ST કે સીટી બસની ટિકીટ રજૂ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(3) રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમ્યાન કોઇ પણ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરૂરી ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડોક્ટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

-:અપવાદ:-

- રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચે જણાવેલ સેવાઓ/પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.

1) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવાતેમજ આવશ્યક/તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.
2) મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.
3) ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.
4) ઈન્ટરનેટ/ ટેલિફોન/ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર/ આઇ.ટી. અને આઇ.ટી. સંબંધિત સેવાઓ.
5) પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયા, ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.
6) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડિંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ
7) પોસ્ટ અને કુરીયર સર્વિસ
8) ખાનગી સિક્યુરીટી સેવા
9) પશુઆહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ.
10) કૃષિ કામગીરી, પેસ્ટ કન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા
11) ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ.
12) આંતરરાજ્ય, આંતરજિલ્લા અને આંતરશહેરોમાં વ્યાપાર / સેવાના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ-કોમર્સ સેવાઓ.
13) તમામ પ્રકારના ઉત્પાદન/ઔદ્યોગિક એકમો અને તેને રો-મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14) બાંધકામને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના **National Directives for Covid-19**નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1) **Face Covering – Compulsory in public place, work place, during transport**
2) **Social Distancing –Individual must maintain a minimum 6 feet distance in public places. Shops will ensure physical distancing among customers.**
3) **Splitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.**

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ 188 તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ 51 થી 60 ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION , 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ 188 તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)